MCX
મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

# એમસીએક્સ પર કીમતી ધાતુના વાયદાના ભાવમાં તેજીની આગેકૂચ: બિનલોહ ધાતુમાં તાંબુ, એલ્યુમિનિયમ અને જસતમાં વધુ સુધારો

મુંબઇ, તા.૯

આજે એમસીએક્સ પર પુનઃ કામકાજમાં થોડો ઘટાડો થયો હતો. આજે ૪,૧૩,૩૧૦ સોદામાં રૂ.૨૧,૧૯૪.૩૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં સોના-ચાંદીનો હિસ્સો રૂ.૧૧,૫૮૪.૨૨ કરોડનો હતો.

આજે સોનામાં ૭૪,૭૬૫ સોદામાં રૂ.૫,૭૫૯.૦૩ કરોડનાં ૨૦,૩૫૩ કિલોનાં કામ થયાં હતાં, જે ગઈકાલે રૂ.૫,૬૭૪.૯૫ કરોડનાં ૨૦,૦૦૫ કિલોનાં થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ ૧૮,૯૩૬ કિલો હતો. ચાલુ વાયદામા રૂ.૪,૬૮૫.૯૦ કરોડનાં ૧૬,૫૪૬ કિલો, મિની વાયદામાં રૂ.૧,૦૨૧.૮૮ કરોડનાં ૩,૬૨૫ કિલો, ગિનીમાં રૂ.૩૦.૨૭ કરોડનાં ૧૦૮ કિલો અને પેટલમાં રૂ.૨૦.૯૮ કરોડનાં ૭૪ કિલોનાં કામ થયાં હતાં. સોનાના વાયદામાં તેજીનો રંગ જળવાઈ ભાવ રૂ.૧૪૪થી રૂ.૨૦૨ની રેન્જમાં વધ્યા હતા. ચાલુ ઓગસ્ટ વાયદો રૂ.૧૪૪ વધી રૂ.૨૮,૯૯૨, એપ્રિલ રૂ.૧૮૮ વધી રૂ.૨૮,૩૬૪ રહ્યા હતા. મિની વાયદામાં માર્ચ રૂ.૧૮૦ વધી રૂ.૨૮,૧૭૮ અને મે સૌથી વધુ  રૂ.૨૦૨ વધી રૂ.૨૮,૫૩૪ રહ્યા હતા. ગિનીના ત્રણેય વાયદા રૂ.૧૧૪થી રૂ.૧૧૫ અને પેટલના ત્રણેય વાયદા રૂ.૧૬થી રૂ.૧૭ વધ્યા હતા. ગિનીનો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૧૫ વધી રૂ.૨૨,૪૯૭ અને પેટલનો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૭ વધી રૂ.૨,૮૨૦ રહ્યા હતા.

ચાંદીનાં કામકાજ આજે ગણનાપાત્ર ઓછાં થયાં હતાં. આજે ૧,૨૦,૦૦૧ સોદામાં રૂ.૫,૮૨૫.૧૯ કરોડની ૧,૦૧૮.૮૪૪ ટન ચાંદીનો ધંધો થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૯૨૩.૦૫૭ ટનનો હતો. ચાંદીના ચાલુ વાયદામાં રૂ.૩,૮૩૫.૮૬ કરોડની ૬૭૧.૧૯૦ ટન, મિની વાયદામાં રૂ.૧,૫૧૭.૧૪ કરોડની ૨૬૫.૧૮૫ ટન અને માઈક્રો વાયદામાં રૂ.૪૭૨.૧૯ કરોડની ૮૨.૪૬૯ ટન ચાંદીનો ધંધો થયો હતો. વાયદાના ભાવમાં આજે તેજી આગળ વધી હતી. ભાવ રૂ.૨૩૩થી રૂ.૪૩૬ની રેન્જમાં વધ્યા હતા. ચાલુ વાયદામાં માર્ચ રૂ.૩૯૬ વધી રૂ.૫૭,૨૧૭ અને મિની વાયદામાં જૂન સૌથી વધુ રૂ.૪૩૬ વધી રૂ.૫૯,૭૪૮ રહ્યા હતા. મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૩૮૭ વધી રૂ.૫૭,૨૧૯ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં તાંબુ, એલ્યુમિનિયમ અને જસતના વાયદામાં તેજીની આગેકૂચ જળવાઈ હતી, જ્યારે સીસામાં મિશ્ર વધઘટ હતી. નિકલના બધા વાયદા ઘટ્યા હતા. તાંબાના વાયદા રૂ.૧.૭૦થી રૂ.૨.૦૫, એલ્યુમિનિયમના ૪૫ પૈસાથી રૂ.૨.૪૫ અને જસતના વાયદા ૧૫ પૈસાથી ૯૫ પૈસા જેટલા વધ્યા હતા. નિકલના વાયદાઓ ૭૦ પૈસાથી રૂ.૫.૫૦ જેટલા ઘટ્યા હતા. સીસામાં ૪૦થી ૯૦ પૈસાની મિશ્ર વધઘટ રહી હતી.

દાવાત્યાગ : આ રિપોર્ટ/ભાવકોપી ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.

**Disclaimer:**
Multi Commodity Exchange of India Limited is proposing, subject to market conditions and other considerations, a public offer of equity shares by way of an offer for sale and has filed a Draft Red Herring Prospectus ("DRHP") with the SEBI. The DRHP is available on the websites of SEBI at www.sebi.gov.in and the book running lead managers at www.edelcap.com, http://www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm and www.morganstanley.com/indiaofferdocuments. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details in relation to risk factors, please see the section titled "Risk Factors" in the DRHP.

This advertisement may not be published or distributed in the U.S., Canada or Japan and is not an offer or solicitation of an offer for sale of securities in the U.S. These securities have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended, and may not be offered or sold in the U.S. absent registration or an exemption from registration under such act.